| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખઃ | ૨૭/૦૬/૨૦૨૫ | | |
| નોંધ્યા તારીખઃ | ૨૭/૦૬/૨૦૨૫ | | |
| ફેસલ તારીખઃ | ૧૧/૦૫/૨૦૨૬ | | |
| સમયગાળોઃ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૧૦ | ૧૪ |

**મહેરબાન ઓલપાડના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

**ફોજદારી કેસ નં.૧૬૦૫/૨૦૨૬.**

**આંકઃ**

ફરીયાદી : સ ર કા ર શ્રી

**વિરૂધ્ધ**

આરોપી : રથીન સુર્યકાંત સેલાણી
હાલ રહે. એ–૧૩૦૧, શાંતવનક ક્રેઓન, પાલનપુર ગામ, સુરત.
મુળ રહે. ગોંડલ, રાજકોટ.

| | | |
|---|---|---|
| ફરીયાદી તરફે | : | એ.પી.પી.સુશ્રી આર.આર.ચુઘ |
| આરોપી તરફે | : | વિ.વ.સુશ્રી એસ.આર.સિંહ |

**ગુનોઃ બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫ (એ), ૧૨૫ (બી), ૧૦૬ (૧) તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબ.**

**FORM-B**

| | |
|---|---|
| Date of Offence | Dt.14.04.2025 at 06.45 |
| Date of FIR | 14.04.2025 |

| | |
|---|---|
| Date of Charge Sheet | 27.06.2025. |
| Date of Framing of Charge | - |
| Date of Commencement of Evidence | 04.05.2026. |
| Date of which Judgment is reserved | 04.05.2026 |
| Date of Judgment | 11-05-2026 |
| Date of the Sentencing order, if any | Nil. |

## Accused Details

| Rank of Accused | Name of Accused | Date of Arrest | Date of release on bail | Offence Charged with | Whether Acquitted or Convicted | Sentence imposed | Period of detention undergone during trial for purpose of Section 428, Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1. | રથીન સુર્યકાંત સેલાણી | 14/04/2025 | 14/04/2025 | BNS-281, 125(A), 125 (B), 106 (1) AND M.V.Act 177, 184 | Acquitted | | |

## – : ચુકાદો :–

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટૂંકમા હકીકત એવી છે કે, સદર કામના આરોપી મજકુરે તા.૧૪/૦૪/૨૦૨૫ ના રોજ કલાક ૦૬/૪૫ વાગ્યાના અરસામાં મોજે કિમથી સાયણ આવતા રોડ ઉપર કારેલી ગામના ગેટથી ૨૦૦ મીટર સાયણ તરફ રોડ ઉપર તા.ઓલપાડ, જી.સુરત ખાતે પોતાના કબ્જાની એક સફેદ કલરની રેનોલ્ડ કંપનીની સ્કાલા ફોર વ્હીલ કાર જેનો રજી. નંબર GJ-06-JE-1541 ની પુરઝડપે હંકારી લાવી અચાનક તેમની ફોર વ્હીલ ગાડીનું ટાયર ફાટતા સ્ટેરીંગ ઉપર કાબુ ગુમાવી દેતા આ કામે મરણ જનાર ઐયુબ ગુલામ મોહમદ પટેલ, ઉ.વ.૭૦ નાઓના કબજાની હીરો કંપનીની સ્પ્લેન્ડર મો.સા. નં. GJ-06-AC-5617 ની સાથે ટકકર મારી અડફેટે લેતા તેઓને મો.સા. સાથે રસ્તા ઉપર પાડી જમણા પગમાં ધુટણના ભાગે ગંભીર

ઈજા તથા જમણા હાથના કોણી પાસે તેમજ શરીરે ઓછી વધતી ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી પાછળથી પકડાઈ જઈ બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫ (એ), ૧૨૫ (બી), ૧૦૬ (૧) તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪ અન્વયેનું ગુનાહિત કૃત્ય કરેલ હોય, ગુનો કર્યાની ફરીયાદ ઓલપાડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અને તેની તપાસ તપાસ કરનાપ અમલદારને સોંપવામાં આવેલી, જેથી ત.ક.અમલદારે આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી આ કામે આરોપી સામે પુરતો પુરાવો જણાતાં હાલનું ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

**(૨)** આરોપી સમન્સ આધારે અદાલતમાં હાજર થતાં સૌપ્રથમ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવાની ખાત્રી કર્યા બાદ આરોપીની સદરહુ તહોમતનામા અંગે આંક–૩ થી પ્લી નોંધતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદ પશ્રે પુરાવાઓ નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવોઃ–**

| અ.નં. | આંક | ફરીયાદી/સાહેદોની વિગત |
|---|---|---|
| (૧) | ૦૯ | ફરીયાદી– સુલેમાન ગુલામ મોહમદ પટેલની જુબાની. |
| (૨) | ૧૧ | સાહેદ આયશા ઐયુબભાઈ પટેલની જુબાની. |

**દસ્તાવેજી પુરાવોઃ–**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૧૦ | એફ.આઈ.આર. |
| (૨) | ૧૨ | કલોઝીંગ પુરસીસ. |

(૪) આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતા, આરોપી સામે રેકર્ડ પર આવાલ પુરાવા અંગે તેઓનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો રજુ થયેલ ન હોય સદર આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) બંને પક્ષ તરફે કરવામાં આવેલ મૌખિક દલીલો ધ્યાને લીધી અન કેસનું રેકર્ડ ધ્યાને લીધુ.

(૬) રજુ કરેલ પુરાવો અને દલીલો ધ્યાને લેતાં કેસના નિર્ણ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુ દ્દા**

૧. શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે એવું સાબીત કરે છે કે, સદર કામના આરોપી મજકુરે તા.૧૪/૦૪/૨૦૨૫ ના રોજ કલાક ૦૬/૪૫ વાગ્યાના અરસામાં મોજે કિમથી સાયણ આવતા રોડ ઉપર કારેલી ગામના ગેટથી ૨૦૦ મીટર સાયણ તરફ રોડ ઉપર તા.ઓલપાડ, જી.સુરત ખાતે પોતાના કબ્જાની એક સફેદ કલરની રેનોલ્ડ કંપનીની સ્કાલા ફોર વ્હીલ કાર જેનો રજી. નંબર GJ-06-JE-1541 ની પુરઝડપે હંકારી લાવી અચાનક તેમની ફોર વ્હીલ ગાડીનું ટાયર ફાટતા સ્ટેરીંગ ઉપર કાબુ ગુમાવી દેતા આ કામે મરણ જનાર ઐયુબ ગુલામ મોહમદ પટેલ, ઉ.વ.૭૦ નાઓના કબજાની હીરો કંપનીની સ્પ્લેન્ડર મો.સા. નં. GJ-06-AC-5617 ની સાથે ટકકર મારી અડફેટે લેતા તેઓને મો.સા. સાથે રસ્તા ઉપર પાડી જમણા પગમાં ધુટણના ભાગે ગંભીર ઈજા તથા જમણા હાથના કોણી પાસે તેમજ શરીરે ઓછી વધતી ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી પાછળથી પકડાઈ જઈ બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫ (એ), ૧૨૫ (બી), ૧૦૬ (૧) તથા એમ.વી.એકટ કલમ–

૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

// **<u>કારણો</u>** //

**<u>મુદ્દા નં.૧ અને ૨:–</u>**

**(૭.૧)** આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્ર મુળભુ સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવુ જોઈએ. વધુમાં ફરિયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવુ જોઈએ.

**(૭.૨)** ફરિયાદ પક્ષે, ફરીયાદી સુલેમાન ગુલામ મોહમદ પટેલને આંક–૦૯ થી તપાસવામા આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સને ૨૦૨૫ માં બનેલો. બનાવના દિવસે તેઓ તેમના ઘરે હાજર હતા ત્યારે તેઓના મોબાઈલ ઉપર સિરાઝ ઈસ્માઈલ ઘડીયા તેઓના મિત્રનો ફોન આવેલો અને તેઓને જણાવેલ કે, મારા ભાઈ અયુબ ગુલામ મોહમદનો કીમથી સાયણ આવતા રોડ ઉપર અકસ્માત થયેલ છે અને તેમને સાયણ દવાખાને લઈ જઈએ છીએ. જેથી તેઓ તરત સાયણ સરકારી દવાખાને ગયેલા અને ત્યાં ડોકટર સાહેબે તેઓના ભાઈને તપાસીને મરણ જાહેર કરેલ. આ બનાવ કેવી રીતે બનેલો તે તેઓ કહી શકે નહી. અકસ્માત કરનાર વાહનના નંબરની તેઓને ખબર નથી અને વાહન ચાલક કોણ હતા તે પણ તેઓ કહી શકે નહી. બનાવ અંગેની તેઓએ ફરીયાદ આપેલી. તેઓને એફ.આઈ.આર. બતાવવામાં આવે છે જેમા તેઓની સહી ઓળખી બતાવી જે આંક–૧૦ થી રજુ છે.

સદર ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થન આપતા ન હોય ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામા આવેલ છે અને ત્યારબાદ ફરીયાદપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં તેઓએ ફરીયાદ હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

સદરહુ ફરીયાદીની આરોપી તરફે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓએ બનાવ નજરે જોયેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ કેવી રીતે બનેલ તે તેઓ કહી શકે નહી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પાલીસે માત્ર મારૂ નામ અને સરનામું પુછેલુ તે સિવાય બીજુ કંઈ પુછેલ નહી. તેઓએ ફરીયાદ વાંચેલ છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તૈયાર લખેલ ફરીયાદમાં સહી કરેલ છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદમાં શું લખેલ છે તેની તેઓને ખબર નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે.

**(૭.૩)** ફરિયાદ પક્ષે, સાહેદ આયશા ઐયુબ પટેલને આંક–૧૧ થી તપાસવામા આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સને ૨૦૨૫ માં બનેલો. બનાવના દિવસે તેણી તેણીના ઘરે હાજર હતી ત્યારે તેણીની બાજુમા રહેતા અયુબ ગુલામ મોહમદનો કીમથી સાયણ આવતા રોડ ઉપર અકસ્માત થયેલ છે અને તેમને સાયણ દવાખાને લઈ જઈએ છીએ. જેથી તેઓ તરત તેણી તેણીના દિયર સાથે સાયણ સરકારી દવાખાને ગયેલા અને ત્યાં ડોકટર સાહેબે તેણીના પતિની તપાસીને મરણ જાહેર કરેલ. આ બનાવ કેવી રીતે બનેલો તે તેણી કહી શકે નહી. અકસ્માત કરનાર વાહનના નંબરની તેણીને ખબર નથી અને વાહન ચાલક કોણ હતા તે પણ તેણી કહી શકે નહી. બનાવ અંગેની તેણીના દિયરે ફરીયાદ આપેલી. બનાવ અંગે પોલીસે તેઓનો જવાબ લીધેલો.

સદર સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન આપતા ન હોય ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામા આવેલ છે

અને ત્યારબાદ ફરીયાદપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં તેઓએ ફરીયાદ હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

સદરહુ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેણીએ બનાવ નજરે જોયેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ કેવી રીતે બનેલ તે તેણી કહી શકે નહી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પાલીસે માત્ર તેણીનુ નામ અને સરનામું પુછેલુ તે સિવાય બીજુ કંઈ પુછેલ નહી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણીને આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે.

ઉપરોકત સાહેદો સિવાય ફરીયાદ પક્ષ તરફે અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી.

(૮) ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલા પુરાવાનું મુલ્યાંકન કરીએ તો સદર કામે આંક–૦૯ થી તપાસવામાં આવેલ ફરીયાદી સુલેમાન ગુલામ મોહમદ પટેલનો પુરાવો ધ્યાને લઈએ તો સદર ફરીયાદી હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને વધુમાં તેઓએ તેમના પુરાવામાં  તેઓએ બનાવ નજરે જોયેલ નથી, બનાવ કેવી રીતે બનેલ તે તેઓ કહી શકે નહી, પાલીસે માત્ર તેઓનુ નામ અને સરનામું પુછેલુ તે સિવાય બીજુ કંઈ પુછેલ નહી, તેઓએ તૈયાર લખેલ ફરીયાદમાં સહી કરેલ છે, ફરીયાદમાં શું લખેલ છે તેની તેઓને ખબર નથી, તેઓને આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે તેમ સ્વીકારેલ છે. સદર કામે આંક–૧૧ થી તપાસવામાં આવેલ સાહેદ આયશા ઐયુબ પટેલનો પુરાવો ધ્યાને લઈએ તો સદર સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને વધુમાં તેઓએ તેમના પુરાવામાં તેણીએ બનાવ નજરે જોયેલ નથી, બનાવ કેવી રીતે બનેલ તે તેણી કહી શકે નહી, પાલીસે માત્ર તેણીનુ નામ અને સરનામું પુછેલુ તે સિવાય બીજુ કંઈ પુછેલ નહી, તેણીને આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે તેમ સ્વીકારેલ છે. આમ સદરહુ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૯) ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ આરોપી વિરૂધ્ધ નિઃશંકપણે કેસ પુરવાર કરવાનો બોજો ફરીયાદીપક્ષ ઉપર મુકવામાં આવેલ છે. પરંતુ સદર કેસમાં ફરિયાદ પક્ષે મુકેલા આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ છે. જયારે ફરિયાદ પક્ષે તપાસેલા સાહેદોની જુબાની અને ફરીયાદ વચ્ચે સુસંગતતા ન હોય, ત્યારે મુકેલ આક્ષેપો મુજબના ગુન્હાઓ આરોપીએ કર્યા અંગે શંકા ઉત્પન્ન કરે છે. આરોપીએ ગુન્હો કર્યા અંગે થોડી પણ શંકા ઉત્પન્ન થાય તો તેનો સીધો લાભ આરોપીને મળવાપાત્ર છે. ક્રિમીનલ જસ્ટીસનો મુળભુત સિધ્ધાંત છે કે, ભલે સો આરોપીઓ છુટી જાય, પરંતુ એક નિર્દોષને સજા થવી ન જોઈએ. ક્રિમીનલ જયુરિસપ્રુડંસના પ્રસ્થાપિત સિધ્ધાંતો અને ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ ધ્યાને લેતા, જો રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવાજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો તે આરોપીઓને તકસીરવાન ઠરાવવા પુરતા નથી. આમ ફરિયાદ પક્ષે રજુ કરેલ આરોપીઓ વિરૂધ્ધના પુરાવાઓ પુરવાર થતા ન હોવાથી, આરોપીઓ વિરૂધ્ધ અપુરતો પુરાવો મળી આવતા, સદર આરોપીઓને શંકાનો લાભ મળવાપાત્ર છે અને જો આરોપીઓને શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે તો તે ન્યાયી અને વ્યાજબી હોવાનુ જણાય આવે છે. જેથી આવા સંજોગોમા. મુદ્દા નંબર–૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નંબર–૨ નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## **– : આખરી હુકમ : –**

૧.. આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૭૧ (૧) અન્વયે બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫ (એ), ૧૨૫ (બી), ૧૦૬ (૧) તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબના આક્ષેપ/ચાર્જમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨.. આરોપીના ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૧ અન્વયે અપીલ સમય સુધીના રૂા.૧૦,૦૦૦/– ના જામીન તથા તેટલી રકમના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૧ મી, માહે–મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૫/૨૦૨૬
ઓલપાડ.

(શ્રીમતી નયનાબેન દિવાકર શર્મા)
પ્રિન્સી.સીની.સિવિલ જજ અને
એડી.ચીફ જયુડી.મેજી.ઓલપાડ.
Code No. GJ00555